કામધેનુ યુનિવર્સિટી

અમારું ધ્યેય: સર્વ જીવોનું કલ્યાણ

(ગુજરાત સરકાર ધ્વારા સને ૨૦૦૯ના ગુજરાત અધિનિયમ ૯ હેઠળ પ્રસ્થાપિત)

બ્લોક નં.-૧, બી વીંગ, ચોથો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

જાહેરાત ક્રમાંકઃ ૦૪/૨૦૧૬

ક્રમ	જગ્યાનું નામ	કુલ ભરવાપાત્ર જગ્યાઓ	કક્ષાવાર જગ્યાઓ				કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત			
			Gen	SC	ST	SEBC	Gen	SC	ST	SEBC
1	હેડ કલાર્ક	2	1	-	1	-	-	-	-	-
2	લેબોરેટરી ટેક્નીશ્યન (ડેરી ટેક્નોલોજી, ડેરી એન્જીનીયરીંગ, ડેરી કેમેસ્ટ્રી)	6	4	-	1	1	1	-	-	-
3	સિનિયર ક્લાર્ક	3	3	-	-	-	1	-	-	-
4	જૂનિયર ક્લાર્ક	4	1	1	1	1	-	-	-	-
5	લાઇવસ્ટોક ઇન્સ્પેકટર	1	1	-	-	-	-	-	-	-
6	સિનિયર રીસર્ચ આસીસ્ટન્ટ	2	1	-	-	1	-	-	-	-
	કુલ	18	11	1	3	3	2	-	-	-

તારીખ : ૦૪.૧૦.૨૦૧૬

સ્થળ : ગાંધીનગર

કુલસચિવ

અરજી પત્રક ભરવા અંગેની માહિતી :

ઉમેદવાર એક કરતાં વધુ જગ્યા માટે અરજી કરી શકશે. પરંતુ દરેક જગ્યા માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને દરેક અરજી માટે અલગ અલગ ફી ભરવાની રહેશે.

ઓન લાઈન અરજી કરતાં પહેલા વિગતવાર જાહેરાત અને નીચેની અગત્યની શરતો વાંચી સમજી અરજી કરવાની રહેશે.

અગત્યની શરતો :

૧.	ઉપરોકત ક્રમ ૧ થી ૬ સંવર્ગોની જગ્યાના ઉમેદવારોએ ઉપર જણાવેલ શૈક્ષણિક લાયકાત ઉપરાંત નામ.ગુજરાત સરકારશ્રીના ઠરાવથી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટરના બેઝીક નોલેજ માટે માન્ય યુનિવર્સિટી અથવા સરકાર ધ્વારા માન્ય સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા, ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તો તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમાં અભ્યાસક્રમોમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તો તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ 10 અને ધોરણ 12 ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ.
૨.	શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ, માજી સૈનિક, શારીરિક ખોડખાપણ અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અરજીમાં દર્શાવેલ પ્રત્યેક વિગતોના સમર્થનમાં સ્વપ્રમાણિત પ્રમાણપત્રો અને આધાર પુરાવાઓ રજૂ કરવાના રહેશે અને યુનિવર્સિટી માંગે ત્યારે ઉમેદવારે અસલમાં રજુ કરવાના રહેશે. આવા પુરાવા રજૂ નહી કરી શકનાર ઉમેદવારનું અરજીપત્ર જે તે તબ્બકે રદ કરવાપાત્ર થશે.
૩.	અનામતની જગ્યાઓ માટે અનામત વર્ગના ઉમેદવારો, માજી સૈનિકો, શારીરિક ખોડખાંપણ ધરાવતા તથા મહિલા ઉમેદવારોને નામ.સરકારશ્રીના નીતિ નિયમો મુજબ ઉપલી વય મર્યાદામાં છુટછાટ આપવામા આવશે. પરંતુ બિનઅનામતની જગ્યાઓ ઉપર જો અનામત કેટેગરીના ઉમેદવારોએ અરજી કરી હશે તો લાયકાત કે ઉંમરમાં અનામત કેટેગરીને મળવા પાત્ર છુટછાટ આપવામાં આવશે નહી.
૪.	અનામત જગ્યાઓ મૂળ ગુજરાતના ઉમેદવારો માટે હોવાથી અન્ય રાજયના ઉમેદવારોએ અનામત જગ્યા માટે અરજી કરવી નહી.
૫	ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ જાતિ(કેટેગરી)માં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહિ. ઓનલાઈન અરજીમાં ઉમેદવારે દર્શાવેલી કેટેગરી અને ઉમેદવારની ખરેખર કેટેગરીમાં તફાવત માલુમ પડશે તો, તેવી અરજી રદ કરવા પાત્ર થશે.

૬.	અરજી પત્રક કુલસચિવશ્રી, કામધેનુ યુનિવર્સિટી, બ્લોક નં : 1, બી વીંગ, ચોથો માળ, કર્મયોગી ભવન, સેકટર-10-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ની કચેરી ખાતે તા.૧૯.૧૧.૨૦૧૬ સુધીમાં રૂબરૂમાં અથવા ટપાલ ધ્વારા કામકાજના દિવસો દરમ્યાન સવારના ૧૧:૦૦ કલાકથી ૧૮:૦૦ સુધી સ્વીકારવામાં આવશે.
૭.	અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ધ્યાને લઈને વયમર્યાદા તથા અનુભવની ગણતરી કરવામાં આવશે.
૮.	ઉમેદવારે અરજી મોકલતી વખતે કવર પર જે જગ્યા ઉપર અરજી કરેલ હોય તે જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.
૯.	કામધેનુ યુનિવર્સિટી તથા ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓના કર્મચારીઓ (State Agricultural University's Employees(SAU GUJ Employees)) તથા શ્રમયોગી ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ 45 વર્ષ સુધીની જ છુટછાટ મળવાપાત્ર રહેશે.
૧૦.	અરજી પત્રક સાથે જોડેલ તમામ પ્રમાણપત્ર પ્રમાણિત કરી મોકલી આપવાના રહેશે.
૧૧.	ઓનલાઈન અરજીપત્રકની પ્રિન્ટ પર નિયત કરેલ જગ્યાએ અપલોડ કરેલ તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ અવશ્ય હોવો જોઇશે.
૧૨.	અરજી કર્યા બાદ ભલામણ પત્ર કે અન્ય બાબતે પત્રવ્યવહાર કરવામાં આવશે તો તેના ઉપર ધ્યાન આપવામાં આવશે નહી અને અરજી રદ ગણીને ફાઈલે કરવામાં આવશે.
૧૩.	ગુજરાત સરકારના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:ખરચ:૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)ઝ.૧ તા. ૨૦/૧૦/૨૦૧૫ મુજબના લાભો આપવામાં આવશે અને ફિકસ પગારની યોજના હેઠળ ઉમેદવાર પસંદગી પામશે તો તેમની પાંચ વર્ષની સેવાઓ/ફરજો સંતોષકારક હશે તો સરકારશ્રીના નિયમોનુસાર નિયત પગાર ધોરણમાં નિયમીત કરવાની કાર્યવાહી કરવામાં આવશે.
૧૪.	આ જાહેરાત કે ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો, તેમ કરવાનો યુનિવર્સિટીને સંપુર્ણ હકક/અધિકાર રહેશે તેમજ ઉપરોકત જગ્યાઓની ભરતી અંગેના કોઈપણ નિર્ણય માટે યુનિવર્સિટીને હકક અબાધિત રહેશે. યુનિવર્સિટી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
૧૫.	મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તે જગ્યા તેજ કેટેગરીના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.
૧૬.	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ઉમેદવાર(**SEBC**)એ સને, 2016-2017ના વર્ષના નોન ક્રિમીલેયર સર્ટીફીકેટની પ્રમાણીત નકલ અવશ્ય જોડવાની રહેશે.

૧૭.	<u>વયમર્યાદામાં છુટછાટ :</u> ભરતીના નિયમો યુનિવર્સિટીએ મંજૂર કર્યા મુજબ છે. પરંતુ તેમાં દર્શાવેલ વય મર્યાદામાં નીચે મુજબની છૂટછાટ સરકારશ્રીના ઠરાવ ક્રમાક સીઆરઆર-૧૧૨૦૦૮-૨૮૨૩૨૩-ગ.૫, તા.૬-૧૦-૨૦૧૫ માં આપેલી સૂચના મુજબ રહેશે. 1) જે જગ્યાના ભરતી નિયમોમાં ફક્ત સ્નાતકની શૈક્ષણિક લાયકાતની જોગવાઇ હોય અને મહત્તમ વયમર્યાદા ૩૦ વર્ષ નિયત કરવામાં આવેલ હોય તેવી તમામ જગ્યાના ભરતી નિયમોમાં મહત્તમ વયમર્યાદા ૩૫ વર્ષની ગણાશે. 2) જે જગ્યાના ભરતી નિયમોમાં સ્નાતક કરતા ઓછી શૈક્ષણિક લાયકાત એટલે કે ડીપ્લોમા, ધોરણ-૧૨ અથવા ધોરણ -૧૦ની શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવી હોય અને મહત્તમ વયમર્યાદા ૨૮ વર્ષ નિયત કરવામાં આવેલ હોય તેવી તમામ જગ્યાના ભરતી નિયમોમાં મહત્તમ વયમર્યાદા ૩૩ વર્ષની ગણાશે. 3) આ વયમર્યાદાનો લાભ એસ.સી., એસ.ટી., એસ.ઇ.બી.સી. અને મહિલા અનામતને હાલમાં મળતી વયમર્યાદાના લાભ ઉપરાંતનો રહેશે. મૂળ ગુજરાતના હોય તેવા અનામત વર્ગના ઉમેદવારો તથા તમામ મહિલા, વિકલાંગ ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર મહત્તમ 45 થી વધે નહીં તે રીતે નીચે મુજબ છુટછાટ આપવામાં આવશે. 1) સામાન્ય મહિલા ઉમેદવારોને 05 વર્ષ ૨) અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને 05 વર્ષ 3) અનામત વર્ગના મહિલાઉમેદવારોને 10 વર્ષ 4) અનામત વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને 10 વર્ષ 5) સામાન્ય વર્ગના વિકલાંગ મહિલાઉમેદવારોને 15 વર્ષ 6) અનામત વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને 15 વર્ષ 7) અનામત વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને 20 વર્ષ
૧૮.	જો ઉમેદવાર હાલ બોર્ડ/કોર્પોરેશન/યુનિવર્સિટી અથવા રજીસ્ટર્ડ સંસ્થાઓમાં ફરજ બજાવતા હોય તો ઉમેદવારે ભરેલ ઓનલાઈન અરજી ફોર્મ ડાઉંલોડ કરી તેમની કચેરી મારફતે મોકલવાના રહેશે.

૧૯	<u>અરજી પત્રક સાથે મોકલવાની ફી બાબત</u> ૧. જનરલ કેટેગરી માટે રૂા.૪૦૦/- ૨. અ.જા./અ.જ.જા/સા.શૈ.પ. તથા શારીરિક ખોડખાપણ કેટેગરી માટે રૂા.૨૫૦/- ૩. ઉપરોકત અરજી ફી નોન રીફંડેબલ રહેશે. ૪. ઓનલાઇન નાણાં પેમેન્ટ ગેટવે દ્વારા ક્રેડિટ કાર્ડ / ડેબીટ કાર્ડ / નેટ બેન્કિંગથી ભરી શકાશે. જેમની પાસે આ સવલત નથી તેઓ http://www.ku-guj.org વેબસાઈટ પરથી ચલણ ડાઉન લોડ કરી, HDFC બેંકની કોઇપણ શાખામાં જઇને ભરી શકાશે. ચલન ભર્યાના એક દિવસ બાદ ઓનલાઇન અરજી ફોર્મ ભરી શકાશે.

<u>અગત્યની તારીખો :</u>

ક્રમ	વિગત	તારીખ	
		તારીખ થી	તારીખ સુધી
૧.	http://www.ku-guj.org વેબસાઈટ પર જાહેરાત પ્રસિધ્ધ થવાની તારીખ	૦૪.૧૦.૨૦૧૬	૦૫.૧૧.૨૦૧૬
૨.	http://www.ku-guj.org વેબસાઈટ પરથી ઓન-લાઈન અરજી ફોર્મ ભરવાની તારીખ	૦૪.૧૦.૨૦૧૬	૦૫.૧૧.૨૦૧૬
૩.	અરજી ફોર્મની ફી ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ, નેટ બેન્કીગથી અથવા બેન્ક ચલણ ડાઉનલોડ કરી એચ.ડી.એફ.સી.(HDFC) બેન્કની કોઈપણ શાખામાં જઇ ભરવા માટેની છેલ્લી તારીખ	-	૦૩.૧૧.૨૦૧૬
૪.	ભરેલ અરજી ફોર્મની નકલ તમામ બિડાણ / આધારો સહિત કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરને પહોંચાડવાની છેલ્લી તારીખ	-	૧૯.૧૧.૨૦૧૬

અરજી કરવા માટેના પગલાંની વિગત :

આ જાહેરાતના સંદર્ભમાં કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર ધ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા તા.૦૪/૧૦/૨૦૧૬ થી તા.૦૫/૧૧/૨૦૧૬ (સમય રાત્રીના ૧૧:૫૯ કલાક સુધી) દરમ્યાન http://www.ku-guj.org વેબસાઈટ પર અરજી પત્રક ભરી શકાશે.

ઉમેદવારે ઓનલાઈન ફોર્મ ભરતી વખતે તેઓ અનામત કેટેગરીમાં અરજી કરવા માંગે છે કે બિન-અનામત કેટેગરીમાં અરજી કરવા માંગે છે તે સ્પષ્ટ જણાવવું. એક વખત ઓનલાઈન અરજી કર્યા બાદ ઓન લાઈન ફોર્મમાં દર્શાવેલ જાતિ/કક્ષામાં કોઈ પ્રકારનો ફેરફાર કરી શકાશે નહિ. તેમજ જો કોઈ ઉમેદવાર પાછળથી આ બાબતે રજુઆત કરશે તો તેની રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહી. ઓન લાઈન અરજી પત્રક ભરવા માટે નીચે જણાવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોંધ: જો કોઇ અનામત ઉમેદવાર સામાન્ય (ઓપન) કેટેગરી પર અરજી કરશે તો તે માટે સામાન્ય જગ્યાના નિયમો/ શરતો લાગુ પડશે.

(૧)	ઓનલાઈન એપ્લીકેશન ફોર્મ ભરવા માટે સૌ પ્રથમ http://www.ku-guj.org વેબસાઈટ પર જવું
(૨)	ત્યારબાદ **Home page** પર News માં **Advertisement** પર **"Click"** કરવાથી કેટલાક **important instruction** વાંચી અને next ઉપર "Click" કરવાથી જગ્યાની વિગતો જોવા મળશે.
(૩)	જે જગ્યા માટે અરજી કરવાની છે તેની ઉપર **Apply Now** પર **"Click"** કરવુ.
(૪)	ત્યારબાદ ઉમેદવારે **Personal Detail** ભરી **Submit button** પર **"Click"** કરવાનું રહેશે. ત્યારબાદ **print challan** અથવા **online payment** અંગેનો **option** આપેલ હશે જે પૈકી ઉમેદવારે કોઇ પણ એક **option** પસંદ કરી જાહેરાતમાં દર્શાવ્યા મુજબ ફી ભરવાની રહેશે.
(૫)	ત્યાર બાદ ફરીથી login કરવા માટે જે તે સંવર્ગની જગ્યા સામે આપેલ **Print Application** પર **"click"** કરી **Application ID** અને **Birth date enter** કર્યાબાદ **Form Details** ભરવાની રહેશે.
(૬)	હવે પછી ઉમેદવારે પોતાનો ફોટો **(Size 30 KB) jpg format** માં અને સહી **(10 KB) jpg format** સ્કેન કરી અપલોડ કરવાનું રહેશે જે માટે **choose file** પર **Click** કરી ઉમેદવારે કમ્પ્યુટરમાં રહેલ પોતાનો ફોટો અને સહી અપલોડ કરવાની રહેશે.
(૭)	ત્યારબાદ **Personal Information, Permanent Address, Postal Address, Candidate Personal Information, Birth Place, Certificates, Education Information, Experience Information** વગેરે માહિતી ભરવાની રહેશે. **Education Information** તથા **Experience Information** માં નીચે **Add Education** અને **Add Experience** દર્શાવેલ છે તેના પર કલીક કરવાથી વધારાના શૈક્ષણિક લાયકાત તથા અનુભવની વિગત ઉમેરી શકાશે.
(૮)	ત્યારબાદ √ **I agree to All The Above Conditions.** બટન પર કલીક કરવાની રહેશે.

(૯)	ત્યારબાદ **Submit Button** પર કલીક કર્યા બાદ જ પ્રિન્ટ માટે ફોર્મ નીચે **Print Application** નું ઓપ્શન કલીક કરવાથી પ્રિન્ટ નીકળશે. જેથી ઉમેદવારની અરજી કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરમાં **Online** પ્રક્રીયા પૂર્ણ થયેલ ગણાશે. **Application ID Number Generate** થયેલ હશે તે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે.
(૧૦)	ઉમેવારે ઓનલાઈન ફોર્મ ભરવા અંગેના માર્ગદર્શન માટે જરૂર જણાય ત્યાં ઈ-મેઈલ **registrar.kamdhenuuniversity@gmail.com** પર સંપર્ક કરવાનો રહેશે.
(૧૧)	<u>ઓનલાઇન સ્વીકારેલ અરજીની હાર્ડકોપી કામધેનુ યુનિવર્સિટીમાં સમય મર્યાદામાં (૧૯/૧૧/૨૦૧૬) મોકલવાની રહેશે</u>. અન્યથા આપની ઉમેદવારી ધ્યાને લેવામાં આવશે નહી.